# શહેરના માર્ગ પર હેલીપેડ અને કુડાસણ કટ બંધ કરાયા

ગાંધીનગર, તા.૩૧ ગાંધીનગર શહેર જિલ્લા ટ્રાફિક શાખા દ્વારા વધતા જતા અકસ્માતોની સંખ્યાને ધ્યાને લઈ શહેરના માર્ગ પર આવેલા હેલીપેડ અને કુડાસણ કટને બંધ કરવામાં આવ્યા છે. કુડાસણ વિસ્તારના રહીશોને રાંદેસણ કે રાયસણ તરફ જવા માટે શાહપુર ચોકડી કે ભાઈજીપુરા પાટીયાથી જઈ શકે છે. મુખ્ય માર્ગના કટ બંધ થવાથી અકસ્માતની સંખ્યામાં પણ નોંધપાત્ર ઘટાડો જોવા મળી રહ્યો છે.

ગાંધીનગર શહેર-જિલ્લા ટ્રાફિક પોલીસ તંત્ર દ્વારા શહેરી વિસ્તાર અને હાઈ-વે માર્ગો પર જીવલેણ અકસ્માતો સર્જાતા હોય તેવા ૧૯ બ્લોક સ્પોટ તૈયાર કરાયા છે. ટ્રાફિક તંત્ર દ્વારા નિયત કરેલી અકસ્માતવાળી જગ્યા પર વિવિધ સ્લોગન સાથેના બેનર્સ લગાવાયા છે. શહેરના ચકાચક માર્ગો પર ગતિ નિયમન અને ટ્રાફિક નિયમોનું ઉલ્લંઘન કરીને વાહન ચાલકો બેફામ ગતિએ વાહનો હંકારતા નજરે પડે છે. જેને પગલે કેટલીકવાર અકસ્માત સર્જાતા હોય છે. જેમાં નિર્દોષ નાગરીકોએ પોતાનો જીવ ગુમાવવાનો વારો આવે છે. શહેરના ચ માર્ગ પર હેલીપેડ કટ અને ગાંધીનગર-અમદાવાદના મુખ્ય માર્ગ પર કુડાસણ કટ કે જયાં રોજબરોજ અકસ્માત કે જાનહાનીના બનાવ બનતા હોય છે. ત્યારે આ જોખમી કટ પર હવે પછી અકસ્માતના બનાવો ના બને તે માટે આ કટ બંધ કરાયા છે. જેથી આ વિસ્તારના નાગરીકોને કટ બંધ કર્યાની જાણકારી મળે તે માટે લાઉડ સ્પીકર દ્વારા નાગરીકો સુધી પહોંચવા પોલીસ તંત્ર દ્વારા પ્રયાસ કર્યો છે.






## ખૂણેખાંચરેથી

- પલ્સ પોલિયો ટાસ્ક ફોર્સની બેઠક ૨જી જાન્યુઆરીના રોજ જિલ્લા કલેકટરના અધ્યક્ષપદે મળશે.
- જિલ્લામાં આજે કોરોનાના કેસો ૨૬ થયા છે. શહેર-જિલ્લામાં એક સરખા કેસો સતત બીજે દિવસે એકસરખા નોંધાયા છે.
- ગાંધીનગર સ્માર્ટ સિટીના બોર્ડ ઓફ ડિરેક્ટર્સની આજે બેઠક મનપા ખાતે મળી હતી.
- સચિવાલય સંકુલમાં ફીટનેશ સેન્ટર ખાતે શરૂ કરાયેલ કોવિડ ટેસ્ટ સેન્ટર બંધ કરવાની વિચારણા હાથ ધરાઈ હોવાનું જાણવા મળેલ છે.
- ગાંધીનગર જિલ્લાના મુખ્ય આરોગ્ય અધિકારી ડૉ. મનુભાઈ સોલંકીની સ્વૈચ્છિક નિવૃત્તિનો રાજ્ય સરકાર દ્વારા સખેદ અસ્વીકાર કરવામાં આવ્યો છે.
- ગાંધીનગર જિલ્લામાં ૩૨ જેટલા અકસ્માત ઝોન તંત્ર દ્વારા આઈડેન્ટીફાય કરાયા છે.
- જિલ્લામાં વસતા વિચરતી જાતિના સમુદાયના પ્રશ્નો અને તેના ઉકેલ માટે આજે જિલ્લા કલેકટરના અધ્યક્ષસ્થાને બેઠક મળી હતી.

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




પ્રભુ, એકવીસમાં એક જ વીશ છે. કોરોનાથી છૂટકારો કરાવજો...!!

# ૩૧ ડિસેમ્બરને પગલે શહેરના માર્ગ, હોટલ, રેસ્ટોરન્ટ અને ફાર્મ હાઉસમાં પોલીસનું સઘન ચેકીંગ

ગાંધીનગર શહેર-જિલ્લા વિસ્તારમાં કોઈપણ સ્થળે ૩૧ મી ડિસેમ્બરને લઈને પાર્ટી ન યોજાય તે માટે પોલીસ તંત્ર દ્વારા કાર્યવાહી હાથ ધરાઈ હતી. જેમાં શહેરના તમામ પ્રવેશદ્વાર પર પોલીસનો ચાંપતો બંદોબસ્ત ગોઠવી દેવાયો હતો. વાહન ચેકીંગ અને પોલીસ મથક વિસ્તારમાં સતત પેટ્રોલીંગ તંત્ર દ્વારા કરવામાં આવ્યું હતું.

ગાંધીનગર જિલ્લા પોલીસ અધિક્ષક દ્વારા કોરોના મહામારીમાં ૩૧ ડિસેમ્બરને લઈને કોઈપણ સ્થળે પાર્ટી કરવા કે ટોળે વળીને વાતો કરવા નાગરીકો એકઠા ન થાય તે માટે જિલ્લાના તમામ પોલીસ મથકોને સુચના અપાઈ હતી. તેમ છતા નાગરીકો એકઠા થયેલા હશે તો તેમની સામે કાર્યવાહી કરવામાં આવશે. દરેક પોલીસ મથકના અગત્યના સ્થળો, સર્કલો પર પોલીસનો બંદોબસ્ત ખડકી દઈને વાહન ચેકીંગની કામગીરી હાથ ધરાઈ હતી. જયારે એલસીબી, એસઓજી અને મહિલા પોલીસ મથકની ટીમોને પણ અલગથી કામગીરી સોંપાઈ હતી. દરેક પોલીસ મથક વિસ્તારમાં હોટલ, રેસ્ટોરન્ટ, ગેસ્ટહાઉસ, પાર્ટી પ્લોટ, ફાર્મ હાઉસનું ચેકીંગ કરાયું હતું. ૩૧ ડિસેમ્બરના રોજ રાઉન્ડ ધ કલોક પોલીસ ટીમ દ્વારા પેટ્રોલીંગની કાર્યવાહી હાથ ધરાઈ હતી.



# શેરથા કટ પાસે જીરૂ અને ઈસબગુલની આડમાં લવાતો વિદેશી દારૂ ઝડપાયો

### ટ્રકમાંથી વિદેશી દારૂની ૨૬૭ બોટલ, ૨૦૯ જીરૂની અને ૧૧૯ ઈસબગુલની બોરી, ટ્રક, બે મોબાઈલ સહિત કુલ રૂ.૨૨,૦૭,૨૦૦ નો મુદ્દામાલ સાથે ૨ શખ્સો ઝડપાયા, અડાલજ પોલીસની સફળ કામગીરી

ગાંધીનગર, તા.૩૧

અમદાવાદ-મહેસાણા હાઈ-વે પર શેરથા કટ પાસેથી જીરૂ અને ઈસબગુલની આડમાં ટ્રકમાં લવાતો વિદેશી દારૂ અડાલજ પોલીસે ઝડપી પાડ્યો છે. ટ્રકમાં તપાસ કરતા પોલીસે રૂ. ૯૨ હજારની ૨૬૭ વિદેશી દારૂની બોટલ, ૩૨૮ ઈસબગુલ અને જીરૂની બોરી, રૂ.૫ લાખનો ટ્રક, ૫૫૦૦ ની કિંમતના બે મોબાઈલ ફોન સહિત કુલ રૂ. ૨૨,૦૭,૨૦૦ નો મુદ્દામાલ સાથે બે શખ્સોને પકડી પાડી ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ અડાલજ પોલીસ મથકના સ્ટાફના જવાનો પેટ્રોલીંગમા હતા તે સમયે અડાલજ -કલોલ હાઈ વે પર શેરથા કટ પાસે આવતા પોલીસને બાતમી મળી હતી. રાજસ્થાન પાર્સિંગની આર.જે.૨૧. જી.એ.-૪૫૫૧ નંબરની ટ્રક વિદેશી દારુ ભરીને મહેસાણા થી અમદાવાદ જવાની છે. જેથી પોલીસ શેરથા કટ પાસે વોચમાં હતી તે દરમિયાન કલોલ તરફથી ઉપરોકત બાતમીવાળી ટ્રક આવતા તેને આડશ કરી રોકી પાડી હતી. પોલીસે ટ્રક ચાલકનું નામ પુછતા તેણે ભોમસિંગ લાડુસિંગ રાજપુત (ઉં.૨૯ રહે. ભડવાસી તા.જી.નાગૌર રાજસ્થાન) અને રામપ્રસાદ અર્જુનરામ કુંભાર (ઉં.૩૬ રહેબદાલા તા.જી.નાગૌર) હોવાનું જણાવ્યું હતું. ટ્રકમાં શુ ભર્યું છે તેમ પુછતા બંન્નેએ જીરૂ અને ઈસબગુલની આડમાં વિદેશી દારુ હોવાનું સામે આવ્યું હતું. ટ્રકમાંથી જીરૂની ૨૦૯ બોરી, ઈસબગુલની ૧૧૯ બોરી કુલ -૩૨૮ બોરીઓ મળી આવી હતી. જયારે ૬ પેટી દારુ અને પતરાના સીલ કરેલા ૨૦ ડબ્બામાંથી વિવિધ બ્રાન્ડની દારૂની બોટલ મળી આવી હતી. પોલીસે પકડાયેલા શખ્સો પાસે દારૂની પરમીટ કે લાઈસન્સ માગતા ન હોવાનું જણાવ્યું હતું. પોલીસે રૂ.૯૨ હજારનો ૨૬૭ બોટલ દારૂ, ૨૦૯ બોરી જીરૂ એટલે કે ૯૯૦૦ કિલોગ્રામ કિં.૯,૯૦,૦૦૦ તેમજ ઈસબગુલની ૧૧૯ બોરીમાં ૫૯૦૦ કિલોગ્રામ કિ.૬,૧૯,૦૦૦, એક વીવો કંપનીનો મોબાઈલ અને કીપેડ વાળો ફોન મળી કુલ રૂ.૫,૫૦૦, ૨૦ પતરાના ડબ્બા, રૂ.૫ લાખનો ટ્રક ગણી કુલ રૂ. ૨૨,૦૭,૨૦૦ નો મુદ્દામાલ ઝડપી પાડી અડાલજ પોલીસે પ્રોહીએકટ મુજબ ગુનો નોંધી દારૂ કયાંથી ભરી લાવ્યા હતા અને કોને આપવાનો હતો તે દિશામાં પીએસઆઈ એમ.જે.શીદે એ તપાસ શરુ કરી છે.

# જેઠીપુરા પાટીયા પાસે અજાણ્યા વાહનની ટક્કરે બાઈકચાલકનું મૃત્યુ

ગાંધીનગર નજીક આવેલા જેઠીપુરા પાટીયા નજીક એસ્સાર પેટ્રોલપંપની સામેના માર્ગ પર અજાણી કારે બાઈક ચાલકને ટક્કર મારતા નીચે પટકાતા શરીરે તેમજ માથાના ભાગે ઈજા પહોંચી હતી. ઈજાગ્રસ્તને તાત્કાલીક ૧૦૮ દ્વારા ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર માટે લઈ જવાયા હતા. જયાં સારવાર દરમિયાન બાઈક ચાલકનું મૃત્યુ નિપજયુ હતું. બનાવ અંગે પોલીસે અજાણી કાર ચાલક સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. વિગત મુજબ રમેશજી ગાંડાજી ચૌહાણ (ઉં.૫૪ રહે.પગીવાસ ચિલોડા) ફરીયાદી ગતરોજ બપોરના સુમારે ઘરે હાજર હતા તે સમયે ફરીયાદીના મોટાભાઈનો દિકરો અક્ષય ઘરે આવ્યો હતો. તેને કહ્યું હતું કે મારા મોબાઈલ પર એક વ્યકિતનો ફોન આવ્યો હતો અને કહ્યું કે તમારા પિતાજીનું અકસ્માત થયું છે અને શરીરે ઈજાઓ પહોંચી છે. જેથી ફરીયાદી અને તેમનો ભત્રીજો બંને જેઠીપુરા પાટીયા પાસે પેટ્રોલપંપ પાસે પહોંચી ગયા હતા.ત્યારબાદ ૧૦૮ માં સારવાર માટે ગાંધીનગર સિવિલ લઈ ગયા હતા. જયાં સારવાર દરમિયાન જીવણજી ચૌહાણનું મૃત્યું નિપજયું હતું.

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર



નરેન્દ્ર મોદી
પ્રધાનમંત્રીશ્રી



વિજય રૂપાણી
મુખ્યમંત્રીશ્રી, ગુજરાત

## મુખ્યમંત્રી શ્રી વિજય રૂપાણી લાવશે ગ્રીન એનર્જીનો નવો યુગ

### ગુજરાત સોલર પાવર પોલિસી 2021 જાહેર

**સૌર ઊર્જા દ્વારા ક્લિન અને ગ્રીન એનર્જીના યુગમા પ્રવેશવા માટે ગુજરાત સજ્જ છે. ગુજરાતના MSMEs અને મોટા ઉદ્યોગોની ઉત્પાદન કિંમત નીચી જાય અને તેઓ વૈશ્વિક બજારોની હરિફાઈમાં ઉભા રહે તે નવી સોલર પોલિસી 2021 નું લક્ષ્ય છે.**

નાના પાયાના સોલર પ્રોજેક્ટસને (4 મેગાવોટ સુધી) પ્રોત્સાહિત કરવા વીજ વિતરણ કંપનીઓ સ્પર્ધાત્મક બીડ દ્વારા નક્કી થયેલ ટેરિફ ઉપરાંત 20 પૈસા પ્રતિ યુનિટ વધુ ચૂકવી વધારાની વીજ ખરીદી કરશે.

સૂર્ય ગુજરાત યોજના અને MSMEs (મેન્યુફેક્ચરીંગ) દ્વારા કેપ્ટિવ ઉપયોગ કરતાં ગ્રાહકો માટે તેમના વપરાશ બાદ થયેલ વધારાની ઊર્જા DISCOMs દ્વારા પ્રતિ યુનિટ દીઠ રૂ. 2.25 પ્રમાણેના દરથી પ્રથમ 5 વર્ષ માટે ખરીદાશે અને ત્યારબાદ પ્રોજેક્ટ કાર્યાન્વિત થયાના અગાઉના 6 મહિનામાં GUVNL દ્વારા નોન–પાર્ક આધારિત સોલર પ્રોજેક્ટસ માટેની સ્પર્ધાત્મક બિડિંગ (ટેન્ડર) પ્રક્રિયા દ્વારા શોધાયેલ અને કરાર કરાયેલા સરેરાશ ટેરિફના 75% ના દર પ્રમાણે વધારાની ઊર્જાની ખરીદી કરાશે જે બાકીના સમયગાળા માટે નિશ્ચિત રહેશે.

અન્ય તમામ ગ્રાહકો માટે, પ્રોજકટ કાર્યાન્વિત થયાના અગાઉના 6 મહિનામાં GUVNL દ્વારા નોન–પાર્ક આધારિત સોલર પ્રોજેક્ટસ માટેની સ્પર્ધાત્મક બિડિંગ (ટેન્ડર) પ્રક્રિયા દ્વારા શોધાયેલ અને કરાર કરાયેલા સરેરાશ ટેરિફના 75% ના દરે વધારાની ઊર્જાની ખરીદી કરાશે જે 25 વર્ષના પ્રોજેક્ટ જીવનકાળ માટે નિશ્ચિત રહેશે.

### સોલર પોલિસી અંતર્ગત મહત્વના પ્રોત્સાહનો

- રાજ્યમાં કોઈપણ વ્યક્તિ / ડેવલોપર / ઉદ્યોગ પોતાની જમીન અથવા પ્રીમાઈસીસમાં કોઈપણ પ્રકારની લિમિટ વિના સોલર પ્રોજેક્ટ સ્થાપી શકશે
- સોલર પ્રોજેક્ટ સ્થાપવા માટે સેંકશન્ડ લોડ / કોન્ટ્રેક્ટ ડિમાન્ડના 50% ની હાલની લિમિટ દૂર કરાઈ
- રહેણાંક ગ્રાહકો તેમની છત / જગ્યા પર સોલર પ્રોજેક્ટસ સ્થાપી શકશે અથવા તેમની છત / જગ્યા ઉપર વીજ ઉત્પાદન અને તે જ પરિસરમાં વીજ વપરાશ માટે થર્ડ પાર્ટીને લીઝ પર પણ આપી શકશે
- રહેણાંક સિવાયના અન્ય ગ્રાહકો તેમની છત / પરિસરમાં સોલર પ્રોજેક્ટસ સ્થાપી શકશે અથવા તેમની છત / જગ્યા ઉપર વીજ ઉત્પાદન તથા અન્ય જગ્યા ઉપર વીજ વપરાશ માટે થર્ડ પાર્ટીને લીઝ પર પણ આપી શકશે
- કોઈપણ ગ્રાહક દ્વારા ઉત્પન્ન કરવામાં આવેલી વધારાની (surplus) ઊર્જા DISCOMs દ્વારા પોલિસીમાં દર્શાવેલ નિર્દિષ્ટ દરે ખરીદવામાં આવશે
- એકથી વધારે ગ્રાહકોનું જૂથ પોતાના કેપ્ટિવ વપરાશ માટે સામૂહિક મૂડીરોકાણથી સોલર પ્રોજેક્ટ સ્થાપીને તેમાંથી ઉત્પાદિત થતી વીજળીનો વપરાશ તેમના મૂડીરોકાણના પ્રમાણમાં કરી શકશે
- વીજ કંપનીઓને PPA માટે આપવાની સિક્યોરીટી ડિપોજીટની રકમ રૂ25 લાખ પ્રતિ મેગાવોટથી ઘટાડીને રૂ5 લાખ પ્રતિ મેગાવોટ કરાઈ
- આ નવી પોલિસી 5 વર્ષ એટલે કે 31-12-2025 સુધી કાર્યરત રહેશેઃ આ નીતિ હેઠળ સ્થાપિત સોલર પ્રોજેક્ટસ સદર નીતિના લાભો 25 વર્ષના પ્રોજેક્ટ સમયગાળા માટે મેળવી શકશે

સોલર રૂફટોપ પ્રોજેક્ટસ સ્થાપિત કરવામાં 866 MW ક્ષમતા સાથે ગુજરાત સમગ્ર દેશમાં પ્રથમ સ્થાને

કચ્છ ખાતે વિશ્વના સૌથી મોટા 30 GW RE (વિન્ડ, સોલર અને હાઈબ્રિડ) પાર્કનું ખાતમૂહુર્ત

ગુજરાતની કુલ સ્થાપિત ક્ષમતામાં 37% જેટલો હિસ્સો રીન્યુએબલ એનર્જીનો છે



**"ક્લિન અને ગ્રીન એનર્જી સાથે પર્યાવરણલક્ષી વિકાસ કરી, ગુજરાતનું સોલર પાવર મોડેલ એક નવા, પ્રકાશમય ભવિષ્યનું આગમન કરશે, જે આખા દેશ માટે આદર્શ ઉદાહરણ બનશે"**

**નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રીશ્રી, ગુજરાત**